# ‘ભાગ્યવિધાતા’ : જીવનકથાનિષ્ઠ નવલકથા | વિપુલ કલ્યાણી

**[ભાગ્યવિધાતા** : લે. નવીન વિભાકર, પ્ર. ઇમેજ પબ્લિકેશન પ્રા. લિ., અમદાવાદ-૩૮૦૦૦૬, પ્ર.આ. જૂન ૨૦૦૭, પૃ. ૧૬૮, કિં. રૂ. ૧૫૦]

યુરોપભરમાં. જમણેરી વિચારધારાનો પરચમ લહેરાતો થયો એ દહાડામાં સમાજવાદી લોકશાહીનો નાદ ચોમેર ગજવનાર તરીકે પોતાને જોતા, સ્વીડનના પૂર્વ વડાપ્રધાન ઓલોફ પામે એક વાર કહેલું, ‘હું જાણું છું કે થોડાક સમયગાળામાં, થેચરો તથા રેગનો ફેંકાઈ જવાનાં છે. આપણે ત્યાં સુધી તો ચેતનવંતા રહેવું જ રહ્યું.’ ૨૮ ફેબ્રુઆરી ૧૯૮૬ના એ ગોઝારા દિવસે, મારા જેવા અનેકો સારુ ભૂમિકાસ્વરૂપ (રોલ મૉડેલ) સ્વપ્નસેવી આગેવાન બની રહેલા આ ઓલોફ પામની હત્યા કરવામાં આવેલી.

આવા ભૂમિકાસ્વરૂપ, બીજા એક સ્વપ્નસેવી આગેવાનની વાત આજે અહીં માંડવી છે. એમનું નામ છે જ્યુલિયસ કામ્બારાગે ન્યરેરે. પશ્ચિમ ટાન્ઝાનિયાના ઝાનૂકી કબીલાના વડા બુરિટો ન્યરેરેના આ સંતાનનો જન્મ બુટ્યિામા ગામે, ૧૩ એપ્રિલ ૧૯૨૨ના રોજ થયો હતો. પોતાના વ્યવસાયને કારણે દેશ અને દુનિયામાં ‘મ્વાલિમુ’ (આચાર્ય) તરીકે જાણીતા બનેલા આ આગેવાન, ટાન્ઝાનિયાના ‘બાબા વા ટાયફા’ (રાષ્ટ્રપિતા) તરીકે ય પંકાયા છે. ટાંગાનિકા ૯ ડિસેમ્બર ૧૯૬૦ના દિવસે આઝાદ બન્યું ત્યાંથી માંડીને ૧૯૮૫ સુધી, ન્યરેરે રાષ્ટ્રપ્રમુખને પદે રહ્યા હતા. શાસનના નેતાપદેથી રાજીનામું આપ્યા બાદ, ન્યરેરેએ પક્ષના આગેવાન તરીકે લોકસંપર્ક કરતાં કરતાં શેષ જીવનમાં લોકઘડતરનું ઉમદા કામ કરેલું છે. લૂકેમિયાની જીવલેણ વ્યાધિને કારણે એમનું અવસાન ૧૪ ઑક્ટોબર ૧૯૯૯ના દિવસે થયું હતું.

ગુજરાતી ડાયસ્પોરિક સાહિત્યજગતમાં લાંબી લેખણે લેખનકામ કર્યા કરતા અમેરિકાનિવાસી નવીન વિભાકરે ‘ભાગ્યવિધાતા’ નામે જીવનકથાનિષ્ઠ એક નવલકથા લખી છે. આ નવલકથા વિશે સુરેશ દલાલે આમ નોંધ કરી છે :

‘નવીન વિભાકર મબલકિયા રચનાકાર છે. ટૂંકી વાર્તા અને નવલકથાનો જાણે કે એમની કલમમાંથી ધોધ પડે છે. દરેક વખતે આ લેખક કશું નવું ને નવું લઈને આવે છે. આ વખતે ટાન્ઝાનિયા દેશના પ્રેસિડેન્ટ જ્યુલિયસ ન્યરેરેની જીવનકથા લઈને આવે છે. આફ્રિકાના દેશોમાં સૌથી વધુ પ્રગતિશીલ અને માનવતાવાદી કોઈ પ્રમુખ હોય તો જ્યુલિયસ ન્યરેરેનું નામ લેવાય. નવલકથાના માધ્યમ દ્વારા જીવનકથાનું આલેખન કરવું સહેલું નથી. પણ આવું વિકટ કામ હાથમાં લેવું એ નવીન વિભાકરની કલમની ખાસિયત છે. આ નવલકથાનો વ્યાપ મોટો છે. અને એટલું જ અતાગ છે એનું ઊંડાણ. પ્રજામાં વ્યાપેલા નાયકના જીવનમાં કાયાપ્રવેશ અને માયાપ્રવેશ કરીને સીધી સરળ ભાષામાં જીવનને આલેખવું ને આવા પડકારને ઝીલવો એ જ મોટી વાત છે. આ લેખક બને ત્યાં લગી જીવનકથાના નાયકના શબ્દોને ચુસ્તપણે અને શિસ્તપણે વળગી રહ્યા છે જેથી ક્યાંક સત્યને કે તત્કાલીન ઇતિહાસને ઈજા ન પહોંચે. આવી નવલકથા લખવા માટે લેખકે પહેલાં તો નાયકના જીવનકવન વિશે ચિક્કાર વાંચવું જોઈએ અને ખાસ્સું સંશોધન કરવું જોઈએ. નવીન વિભાકર આ બધું કરી શક્યા છે એ માટે એમને યોગ્ય જશ આપવો જોઈએ અને જીવનકથાનિષ્ઠ આ નવલકથાને ભારત, ઇંગ્લૅન્ડ અને અમેરિકામાં વસતા વસાહતીઓ કે ટાન્ઝાનિયા, કેન્યામાં રહેલી ગુજરાતી પ્રજા આ વાંચી કશું વિશેષ અને વિશિષ્ટ જાણી શકશે એવી મને શ્રદ્ધા છે.’

જ્યુલિયસ ન્યરેરેના જાહેર જીવનની કેટલીક કરુણાંતિકા રહી છે, તેમાં ‘અરૂશા ઘોષણા’નો ય સમાવેશ છે. એ અરૂશા શહેરના એક મૂળ વતની તરીકે, આઝાદી પહેલાંના ટાંગાનિકા બાબત, તેના આદરમાન આ આગેવાન ન્યરેરે વિશે તે પછીના સ્વતંત્ર શાસનવ્યવહારના તેમજ ન્યરેરે બાબતની નાનીમોટી બાબતોનો સાક્ષી રહ્યો છું. આઝાદી ટાંકણેના મારા એ નગરમાંના મેળાવડામાં સક્રિયપણે ભાગ લેવાનો અને સ્થાનિક ભાષામાં ભાષણ કરવાનો ય મોકો પ્રાપ્ત થયેલો છે. તે વખતની રાષ્ટ્રવાદી યુવાપ્રવૃત્તિઓનો પણ અંગત પરિચય રહ્યો છે. ન્યરેરે ઉપરાંત રશીદી કવાવા. બીબી ટીટી મોહમ્મદને જોવા-સાંભળવાનું-મળવાનું બન્યું છે. અને ઓસ્કાર કમ્બોના સલીમ અહમદ સલીમ જેવા આગેવાનોની મોહિની હજુ ય રહેવા પામી છે.

ટાન્ગાનિકાની ધારાસભાના તથા આઝાદ મુલકની સંસદના સભ્ય તરીકે લાંબો વખત સેવા આપનાર કાન્તિલાલ એલ. ઝવેરીએ ૧૯૯૮ના અરસામાં ‘માર્ચિંગ વિથ ન્યરેરે : આફ્રિકાનાઇઝેશન ઑવ્ એશિયન્સ’ નામે એક પુસ્તક લખેલું. હાલ દારેસલામના ‘સી વ્યૂ’ મકાનમાં, પત્ની ઊર્મિલાબહેન સંગાથે વાસ કરતા, કાન્તિભાઈ ‘ટાંગાનિકા લૉ સોસાયટી’ના, એક દા, પ્રમુખપદે પણ હતા. દારેસલામના જાણીતા વકીલો, એમ. એન. રતનશી તથા વેલાણી સાથે એક પછી એક, ચેમ્બર્સમાં કામ કરતાં કરતાં, કાન્તિભાઈને જ્યુલિયસ ન્યરેરેનો પરિચય ન્યરેરે પર, ગુલામીના દિવસો વેળા થયેલા બદનક્ષીના દાવા દરમિયાન મળેલો. અને એ પછી એ સંબંધ વિકસીને અંગત મૈત્રીની બહાર નીકળી જઈ જાહેર જીવનના એકમેકના સાથીસહોદરમાં પરિણમી બેઠો. ઊર્મિલાબહેને, વળી, આમ સમાજની મહિલાઓના વિવિધ સવાલો અંગે ‘ઉમોજા વા વાનાવાકે વા ટાંગાનિકા’ નામની રાષ્ટ્રીય સંસ્થામાં અગ્રગામી ફાળો આપેલો છે. કાન્તિભાઈ ઝવેરી પારિવારિક સંબંધે નવીન વિભાકરના સાઢુ હોઈ, આ ચોપડીનો તેમજ અન્ય બીજી બાતમીનો લાભ મેળવી શક્યા હોય તે સ્વાભાવિક છે.

આ નવલકથાની ભાષા, તેના સંવાદો, તેમાંનાં મૂળ લખાણોનું ગુજરાતી ભાષાન્તર, કલાવૈવિધ્ય વગેરે વગેરે વિશે કોઈ નુક્તેચીનીમાં પડવાનો આશય સેવ્યો જ નથી. આપણે તો અહીં આ નવતર પ્રયોગનું ગુણદર્શન કરવું છે.

ટાંગાનિકાની આઝાદી બાદ, સૈનિકોનો જે બળવો થયો, ઝાંઝીબારમાં ક્રાંતિ થઈ અને પરિણામે ટાંગાનિકા સાથે રાજકીય જોડાણ કરવાનું બન્યું, ‘અરૂશા ઘોષણા’ અને તેને લીધે શાસક પક્ષમાં પડેલાં તડાં, ‘ઉજમાા’, ઓસ્કાર કમ્બોના અને બીબી ટીટી મોહમ્મદ જેવાં આગેવાનો પર ચલાવાયેલા દેશદ્રોહના મુકદ્દમાઓ વગેરે જેવી બાબતોના કોયડાઓની વિગતો ઇતિહાસે નોંધી છે અને તે સઘળી જ્યુલિયસ ન્યરેરેની સમાચોલના કરવામાં સહાયક નીવડે છે. આ બધું છતાં, એક વાત નક્કી છે : જગતે આ એક એવો આગેવાન અનુભવ્યો હતો કે જેને કોઈ રંગભેદ માન્ય નહોતો. એને છેવાડાના આદમીની ચિંતા હતી. એને નાગરિક ઘડતરનાં કામો વધુ ફાવતાં હતાં. આફ્રિકાના સાર્વત્રિક ઉત્થાનનાં સપનાં એમને સતત આવ્યા કરતાં હતાં. ન્યરેરેને પણ આફ્રિકા ખંડનું એકીકરણ થાય તેવા ઓરતા હતા. હા, એમનો માર્ગ ક્વામે ન્ક્રુમાહથી અલાયદો જરૂર હતો. ન્યરેરેના પાયામાં કોમની વિરાસત, ઈસાઈ ધર્મના ઉસૂલો તેમજ મહાત્મા ગાંધી અને જવાહરલાલ નેહરુનાં જીવનકવન ઠોસબંધ ધરબાયાં હતાં. સરળ વ્યક્તિત્વ અને સાદાઈભર્યા જીવનના દ્યોતક સમ ન્યરેરેની એ દૂરંદેશી તથા લોકઘડતરની સતત કાર્યનીતિને કારણે ટાન્ઝાનિયામાં આજે બધી કોમોના લોકો અમનચમનથી રહી શકે છે. પૂર્વ આફ્રિકાના બીજા મુલકોની સરખામણીએ ત્યાં પ્રમાણમાં સરળતા છે, સલૂકાઈ પણ છે.